# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-02-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યસવી મહેતા** વાંચે છે.

---

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આવતીકાલથી ગુજરાતનાં ચાર દિવસના પ્રવાસે
2) છેલ્લા પાંચ વર્ષમાં 99 લાખ 43 હજારથી વધુ ખેડૂતોને પાક નુકસાનની સહાય ચૂકવાઈ
3) પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં મેનેજમેન્ટ ક્વોટાના વિદ્યાર્થીઓને કોઈ અસર ન થવાની શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરે ખાતરી આપી
4) પાકિસ્તાનથી પરત ફરેલા ગુજરાતનાં માછીમારો માદરે વતન પહોંચ્યાં.
5) મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગમાં આજે બેંગલોરમાં ગુજરાત જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PRESIDENT GUJ VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આવતીકાલથી રાજ્યનાં ચાર દિવસના પ્રવાસે છે. શ્રી મૂર્મુ આવતીકાલે કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, પ્રદર્શન કક્ષ સહિત અનેક સ્થળોની મુલાકાત લેશે. બીજા દિવસે તેઓ એકતાનગરમાં આરોગ્ય વન, મિયાવાંકી ફોરેસ્ટ, જંગલ સફારી તેમજ એકતા કૌશલ્ય વિકાસ કેન્દ્રની પણ મુલાકાત લેશે.

27 ફેબ્રુઆરી સાંજે અમદાવાદમાં રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થા- N.I.D.ના 44મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદના દિવસે તેઓ ગાંધીનગરમાં રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલય- N.F.S.U.ના ત્રીજા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. એ જ દિવસે તેઓ ભુજમાં સ્મૃતિવન ભૂકંપ સ્મારક પણ જશે. પહેલી માર્ચે સુશ્રી મુર્મૂ યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરાની પણ મુલાકાત લેશે.

. . . . . . . . . . . . .

# RAGHAVJI PATEL ASEEMBLY

રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના 99 લાખ 43 હજારથી વધુ ખેડૂતોને પાક નુકસાનની સહાય ચૂકવાઈ છે. વિધાનસભા ગૃહમાં સભ્યશ્રી દ્વારા પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા શ્રી પટેલે જણાવ્યું કે ખેડૂતોને પાક નુકસાન સહાય પેટે 12 હજાર 389 કરોડ રૂપિયાથી વધુની ચૂકવણી કરાઇ છે. ગત વર્ષે વરસાદથી થયેલા ભારે નુક્સાનનો સર્વે કરીને જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના 68 હજાર 229 ખેડૂતોને 100 કરોડ રૂપિયાથી વધુની સહાય અપાઈ હતી.

શ્રી પટેલે ગૃહમાં ઉમેર્યું કે, અતિવૃષ્ટિ, વાવાઝોડા સહિતની કુદરતી આફતોથી પાક નુકસાન સામે ખેડૂતોને આર્થિક ટેકો આપવા રાજ્ય સરકાર દ્વારા કૃષિ ઈનપુટ સહાય ઉપરાંત રાજ્ય ભંડોળમાંથી વધારાની ટોપ-અપ સહાય પણ અપાય છે.

. . . . . . . . . . . . .

# KUBER DINDOR ASSEMBLY

રાજ્યના આદિજાતિ મંત્રી કુબેર ડીંડોરે જણાવ્યું કે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત છેલ્લાં ત્રણ વર્ષમાં અનુસૂચિત જનજાતિના 6 લાખ 83 હજારથી વધુ વિદ્યાર્થીઓને 1 હજાર 465 કરોડ રૂપિયાથી વધુની શિષ્યવૃત્તિ અપાઈ છે. વિધાનસભામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના બંધ કરવા અંગેના પ્રશ્નનો જવાબ આપતાં શ્રી ડીંડોરે આમ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે વર્ષ 2022-23 તથા 2023-24માં મેનેજમેન્ટ ક્વોટા હેઠળ આ યોજનાનો લાભ મેળવનારા વિદ્યાર્થીઓના અભ્યાસને કોઈ પણ પ્રકારની અસર થશે નહીં.

. . . . . . . . . . . . .

# AHMEDABAD ICAI ELECTION

ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્સ ઓફ ઇન્ડિયા ICAIની પશ્ચિમ ભારતની પ્રાદેશિક પરિસદના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે.
અમદાવાદ બ્રાન્ચના ચેરમેન તરીકે વર્ષ 2025-26 માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નીરવ અગ્રવાલ ચૂંટાઈ આવ્યા છે. શ્રી અગ્રવાલે જણાવ્યું હતું કે તેઓ જુનિયર અને સિનિયર સભ્યોને સાથે રાખીને કામ કરશે.

(બાઇટ: નીરવ અગ્રવાલ ચેરમેન, ICAI)

નવા હોદ્દેદારોમાં વાઇસ ચેરમેન તરીકે રિંકેશ શાહ , સેક્રેટરી તરીકે CA સમીર ચૌધરી, ટ્રેઝરર તરીકે સાહિલ ગાલાનો સમાવેશ થાય છે. ઉપરાંત મેનેજિંગ કમિટીના સભ્યોમાં CA અભિનવ માલવીયા, ચેતન જગતિયા, જીતેન્દ્ર ત્રિવેદી અને સુનીત શાહ સામેલ છે.

. . . . . . . . . . . . .

# SURAT AAG

સુરતની ટેક્સટાઈલ માર્કેટમાં આગની બનેલી ઘટનામાં એક વ્યક્તિનું ગૂંગળાઈ જતાં મોત થયું હતું. સુરતના અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે ACના કોમ્પ્રેસરમાં બ્લાસ્ટ થયા બાદ આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે. ફાયરબ્રિગેડના અધિકારીએ કહ્યું કે આગ પર કાબુ મેળવવા 14 જેટલી ફાયર ફાઇટરની મદદથી આગ પર કાબુ મેળવી લેવાયો હતો. મહત્વપૂર્ણ છે કે , સુરતમાં છેલ્લા 24 કલાકમાં 3 આગની ઘટના સામે આવી છે.

. . . . . . . . . . . . .

# RAJKOT ACCIDENT

રાજકોટ નજીક માલીયાસણ પાસે આજે સાંજે ટ્રક અને રિક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત થતાં પાંચ વ્યક્તિના મૃત્યુ નીપજ્યા છે. જ્યારે બે વ્યક્તિ વાહનમાં ફસાઈ હોવાની પ્રાથમિક જાણકારી મળી રહી છે. અકસ્માતના સમાચાર મળતા જ સ્થાનિક પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને બચાવ કામગીરી હાથ ધરી હતી તેમજ મૃતકોને અને ઘાયલોને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# GIRSOMNATH MACHIMAAR

પાકિસ્તાન જેલમાં કેદ 22 માછીમારો માદરે વતન પહોંચ્યા. તમામ માછીમારોને આજે વેરાવળ ફિશરીઝ કચેરી ખાતે લવાયા અને પરિવારજનોને સોંપાયા હતા. આ અંગે મત્સ્યોદ્યોગના મદદનીશ નિયામક જે.પી.તોરણીયાએ વધુ માહિતી આપી.

બાઇટ: જે.પી.તોરણીયા (આસિસ્ટન્ટ ડાયરેક્ટર ઓફ ફિશરીઝ)

. . . . . . . . . . . . .

# MAHAKUMBH

પ્રયાગરાજમાં યોજાઇ રહેલા મહાકુંભમાં કરોડોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા છે અને આસ્થાની ડૂબકી લગાવી રહ્યા છે. ત્યારે આજે બપોરે 2 વાગ્યા સુધી ૪૩ લાખ 53 હજારથી વધુ શ્રદ્ધાળુઓએ મહાકુંભમાં પવિત્ર ડૂબકી લગાવી હતી.

. . . . . . . . . . . . .

# AHMEDABAD RAILWAY TIME

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ-પ્રયાગરાજ અને અમદાવાદ-પટના એક્સપ્રેસના પ્રસ્થાન સમયમાં ફેરફાર કરાયો છે.આગામી 27 ફેબ્રુઆરીથી ટ્રેન નંબર 22967 અમદાવાદ-પ્રયાગરાજ એક્સપ્રેસ આગામી આદેશ સુધી અમદાવાદથી સાંજે 4.30 કલાકની જગ્યાએ સાંજે 4.35 કલાકે પ્રસ્થાન કરશે.આ ઉપરાંત આગામી 2 માર્ચથી ટ્રેન નંબર 19421 અમદાવાદ-પટના એક્સપ્રેસ આગામી આદેશ સુધી અમદાવાદથી રાત્રે 9:40 કલાકની જગ્યાએ 9:50 કલાકે પ્રસ્થાન કરશે.મુસાફરોને ટ્રેનોના સમય , સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે વેબસાઇટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવા પશ્ચિમ રેલવેની યાદીમાં જણાવાયુ છે.

. . . . . . . . . . . . .

# MAHASHIVRATRI Festival

આવતીકાલે મહાવદ તેરસ એટલે કે મહાશિવરાત્રીનું પર્વ છે. રાજ્યભરનાં તીર્થધામો અને શિવાલયોમાં હર હર મહાદેવ અને બમ બમ ભોલેના નાદ સાથે મહાશિવરાત્રી પર્વની ઉત્સાહપૂર્વકની ઉજવણી શરૂ થઇ ચૂકી છે. આવતીકાલે દ્વાદશ જ્યોતિર્લીંગમાંના એક એવા સોમનાથ, દ્વારકાના નાગેશ્વર તેમજ જૂનાગઢના ભવનાથ સહિતના અનેક શિવાલયોમાં યજ્ઞ, અનુષ્ઠાન તેમજ વિધીવત પૂજા-અર્ચના સાથે મહાશિવરાત્રિની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાશે.

દરમિયાન જૂનાગઢનાં ભવનાથ મંદિર ખાતે ચાલી રહેલા મહા શિવરાત્રી મેળામાં મોટી સંખ્યા સાધુ-સંતો ઉમટી પડ્યાં છે.

આ અંગે સાંભળીએ જુનાગઢના અમારા પ્રતિનિધિ સંજીવ મહેતાનો અહેવાલ..

(વૉઇસ કાસ્ટ : પ્રતિનિધિ સંજીવ મહેતા)

રાજ્યભરનાં શિવાલયો અત્યારથી રોશનીથી ઝળહળી રહ્યાં છે અને આવતીકાલે રૂદ્રાભિષેક , શીવમહિમ્નસ્તોત્ર પઠન અને વિશેષ આરતી અને પૂજા સાથે મહાશિવરાત્રીની ઉજવણી કરીને ભક્તો શિવમય બનશે.

. . . . . . . . . . . . .

# CIVIL HOSPITAL - AHMEDABAD

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં આજે 179મું અંગદાન થયું હતું. ખેડા જિલ્લાના નવાગામના 48 વર્ષીય મહિલા સારવાર દરમિયાન બ્રેઇન ડેડ જાહેર થતાં તેના પતિએ અંગદાન કરવાનો નિર્ણય કર્યો હતો. જેમાં હૃદય , લીવર અને 2 કિડનીના દાન થી 4 જરૂરિયાતમંદને નવજીવન મળશે. આ તકે અમદાવાદ સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. રાકેશ જોશી એ જણાવ્યું હતું કે , અંગદાન થકી અત્યાર સુધી કુલ 583 અંગનું દાન મળ્યું છે. જેનાથી 565 વ્યક્તિઓને જીવનદાન મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે, હાલમાં દાનમાં મળેલી 2 કિડની અને એક લિવરને સિવિલ મેડિસિટી કેમ્પસની કિડની હોસ્પિટલમાં અને હૃદયને યુ.એન મહેતા હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# CRICKET - WPL

આજે મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગમાં ગુજરાત જાયન્ટ્સનો મુકાબલો દિ  લ્હી કેપિટલ્સ સામે બેંગલોરના ચીન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે થશે. દિ લ્હી કેપિટલ્સે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો છે.

. . . . . . . . . . . . .

# TABLE TENNIS-WTT YOUTH CONTENDER VADODARA

વિશ્વસ્તરીય ટેબલ ટેનિસ સ્પર્ધા આવતીકાલથી વડોદરામાં યોજાશે.. ચાર દિવસ ચાલનારી વર્લ્ડ ટેબલ ટેનિસ કંન્ટેન્ડર વડોદરાની આ આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશીપમાં  શ્રીલંકા, કોરિયા, યુએસએ, ઓસ્ટ્રેલિયા, ઇંગ્લેન્ડ અને એન્ટિગુઆ અને બાર્બુડા સહિત આઠ દેશોના સ્પર્ધકો સાથે 165 ભારતીય ખેલાડીઓ ભાગ લેશે. ભારતના ટોચના ક્રમાંકિત પેડલર અને વિશ્વના નંબર સાત        અંકુર ભટ્ટાચાર્ય , સયાલી વાની અને ઉભરતી સ્ટાર દિવ્યાંશી ભૌમિક સાથેઆ     ચાર દિવસીય યુવા ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં દેશનું નેતૃત્વ કરશે.

આવતીકાલે અંડર-17 અને અંડર-13 છોકરાઓ અને છોકરીઓની શ્રેણીઓમાં ભૌમિક અને અભિનંદ પ્રથિવાદી મેદાનમાં ઉતરશે. અન્ય મજબૂત ભારતીય દાવેદારોમાં સિન્ડ્રેલા દાસ, તનીશા કોટેચા અને સાર્થક આર્યનો સમાવેશ થાય છે. કોરિયાના ચોઈ જીવુક , ઇંગ્લેન્ડના રોહન દાની અને શ્રીલંકાના તાવી સમરવીરા જેવા આંતરરાષ્ટ્રીય ખેલાડીઓને કારણે આ સ્પર્ધા રોચક બનશે.

. . . . . . . . . . . . .